
જોઈએ કે જેટલી ચિંતા આપણે કરીએ છીએ એટલી ચિંતા આજુબાજુના રાજ્યો જે તેમાં સહભાગી છે તે કરે છે કે કેમ? આજે વિધાનસભાની પ્રશ્નોત્તરીમાં જે આંકડા બહાર આવ્યા કે આ યોજના માટે બાજુના રાજ્યોમાંથી આપણે જે રકમ લેવાની નીકળે છે કે લગભગ ૭૨૨૫ કરોડ રૂપિયા જેટલી રકમ આપણે આપણા પાડોશી રાજ્ય સરકારો પાસેથી લેવાની નીકળે છે અને તેમાં પણ જો બ્રેકઅપ જોઈએ તો લગભગ ૪૯૫૩ કરોડ રૂપિયા મધ્યપ્રદેશ પાસેથી બાકી નીકળે છે. ૧૭૧૫ કરોડ મહારાષ્ટ્ર પાસેથી બાકી નીકળે છે અને ૫૫૬ કરોડ જેટલી રકમ રાજસ્થાન સરકાર પાસેથી બાકી નીકળે છે.

મને એમ કે મધ્યપ્રદેશમાં ભાજપની સરકાર છે, ત્યાં તો સારી રીતે ઓળખાણ છે, સબંધો છે, દબાણ કરી શકાય, હક્કથી કહી શકાય. ત્યાંથી સારામાં સારા પૈસા લઈ શકાય. આંકડા જોયા તો મહારાષ્ટ્ર પાસેથી ૩૮.૧૬ કરોડ રૂપિયા, રાજસ્થાન સરકારે ૧૨.૪૧ કરોડ રૂપિયા આપ્યા પણ મધ્યપ્રદેશ સરકાર પાસેથી આપણે કોઈ રકમ લાવી નથી શક્યા. હું તો ઈચ્છું બજેટમાં ગુજરાતના પૈસા આ યોજના માટે લગાવીએ છીએ તે જ રીતે ત્યાંથી પણ રકમ મેળવવાનો પ્રયત્ન કરીએ. કદાચ આપનું ના માનતા હોય તો માનનીય વડાપ્રધાનશ્રીને ઈન્વોલ્વ કરીએ. તેમના માધ્યમથી પૈસા લાવવામાં આવે તો યોજના સારી રીતે પાર પાડી શકીશું."

આરોગ્ય વિભાગની નિષ્ફળતાઓની વાત કરતા શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, "ગુજરાત મોડેલ, મોદી મોડલના નામે આખા વિશ્વમાં ખુબ મોટો પ્રચાર થયો. ૨૭- ૨૭ વર્ષથી હોર્ડિંગ લગાવ્યા, જાહેરાત કરી. ખુબ મોટી પબ્લીસીટી કરી. ત્યારે કોરોના મહામારીમાં મોદી મોડલ ફ્લોપ છે તેવું આખા વિશ્વે જોયું. આ મોદી મોડલમાં ગુજરાતના લોકોને કોરોનામાં હોસ્પિટલોમાં પથારી ના મળી. જયારે જરૂર હતી ત્યારે ઈન્જેક્શનો ના મળ્યા. ઓક્સીજન વગર લોકો તરફડીને મર્યા. વેન્ટીલેટરની રાહ જોતા જોતા લોકોએ પોતાના જીવ ગુમાવ્યા. આ મોદી મોડલને આખા વિશ્વે જોયું. આ ફ્લોપ મોદી મોડલના કારણે ગુજરાતમાં ત્રણ લાખ કરતા વધારે લોકોના મૃત્યુ આ ગુજરાતમાં થયા. તેવા સંજોગોમાં આજેપણ ગુજરાતની જનતા ઈચ્છે છે કે જે કોરોનામાં તમે વખતો વખત ટેસ્ટીંગના નામે ખોટી જાહેરાતો કરી. ટેસ્ટીંગના નામે લૂટવાની પરમીશન આપી. ખાનગી લેબોરેટરીઓએ લુંટ્યા. ટેસ્ટીંગના આંકડા છુપાવ્યા. હોસ્પિટલોમાં સારવારની વાત આવી ત્યારે લોકોને ભગવાન ભરોસે છોડી દીધા. ખાનગી હોસ્પિટલોમાં લુંટ ચલાવવામાં આવી. તમે બચાવ્યા નહીં, પણ જયારે તેમને સહાય મદદ કરવાની વાત આવી ત્યારે પણ ચાર લાખની જગ્યાએ ૫૦ હજારની વાત કરવામાં આવી."



(હેમાંગ રાવલ)
મિડિયા કોર્ડીનેટર